ગ-૦ પર એન્ટ્રી પોઈન્ટ પાસે વાહનચાલકો ગોથે ચડે છે

એસ જી હાઇવે પરથી ગ માર્ગ પર એન્ટ્રી લેવામાં વાહનચાલકો માટે ભુલભુલૈયા જેવી સ્થિતિ : માર્ગ સલામતી જોખમાઇ

ગાંધીનગર તા ૨૦

ચિલોડા સરખેજ માર્ગને સિકસલેન કરવાનો પ્રોજેકટ પુર્ણતાના આરે છે. જયારે આ માર્ગને સિકસલેન બનાવાની સાથે રૂટમાં આવતા જંકશનને અનુલક્ષી ફ્લાય ઓવર પણ તૈયાર કરાયા છે. જેથી આ માર્ગ પર વાહનોની અવરજવર વધુ ઝડપી અને સલામત બની છે. પરંતુ આ કામગીરીના અંતે શહેરના પ્રવેશદ્વાર પાસે માર્ગ સલામતીની દ્રષ્ટીએ જોખમી સ્થિતિ સર્જાઇ છે. અગાઉ મુખ્યમાર્ગ પરથી ગ માર્ગ પર પ્રવેશવા માટે એન્ટ્રી આપવામાં આવી ન હતી જયારે હાલ આ ક્રોસ પોઇન્ટ પર વાહનચાલકો માટે ભુલભુલેયા જેવી સ્થિતિ સર્જાય છે. અલબત્ત રોજબરોજ વાહનચાલકો ગોથે ચઢે છે જેના લીધે ગંભીર અકસ્માત થવાની દહેશત પણ પ્રબળ બની છે.

શહેરમાં એસ જી હાઇવેને જોડતા માર્ગ પર ગ માર્ગ પર એન્ટ્રી પોઇન્ટ ભુલભુલેયા સમાન બનતા માર્ગ સલામતી જોખમાઇ છે. અગાઉ બે બ્રિજ વચ્ચેનો આ પોઇન્ટ હોવાના લીધે આ ઠેકાણેથી ગ માર્ગ પર એન્ટ્રી આપવામાં આવી ન હતી જેના લીધે વાહનચાલકો ખ માર્ગ પરથી સર્વિસ રોડ પર આવતા હતા જયારે એસ જી હાઇવે અમદાવાદ જવા માટે ગ માર્ગ પર સરગાસણ સુધી વાહનચાલકો રોંગ સાઇડમાં જતા નજરે પડતા હતા આ સ્થિતિ વચ્ચે માર્ગ સલામતી વધુ જોખમાઇ હતી જો કે થોડા સમય બાદ નેશનલ હાઇવે ઓથોરિટી કક્ષાએથી આ ઠેકાણે ગ માર્ગ પરથી હાઇવેને જોડતો રસ્તો ખુલ્લો મુકવામાં આવ્યો હતો જેમાં હાલ સ્થળ પર અટપટી ડિઝાઇન કરવામાં આવી છે. જયારે આ પ્રકારના રોડ એન્જિયરીંગના લીધે રોડ ક્રોસ કરતી વેળાએ કે ગ માર્ગ પર ટર્નિંગ લેતા વાહનચાલકોએ રોજબરોજ જોખમી સ્થિતિમાં મુકાવાનો વારો આવે છે. ચિલોડા સરખેજ હાઇવે માર્ગને સિકસલેન કરવાની સાથે અનેક ઠેકાણે ઓવરબ્રિજ તૈયાર કરવામાં આવ્યા છે. જેના લીધે આ માર્ગ પર વાહનોની અવરજવર પણ પુરપાટ જોવા મળે છે. ત્યારે સરગાસણ ઓવરબ્રિજને અનુલક્ષી સાઇડમાંથી યોગ્ય રીતે રસ્તો આપવામાં આવ્યો છે. જેથી ખ માર્ગ પરની એન્ટ્રી લેવાનુ વાહનચાલકો માટે સરળ છે પરંતુ એસ જી હાઇવે પરથી સરખેજ માર્ગ તરફથી આવતા વાહનોએ નગરના ગ માર્ગ પર પ્રવેશવાનુ મુશ્કેલ બન્યુ છે. આ સ્થિતિ વચ્ચે ભારે વાહનોએ એન્ટ્રી લેવાનુ પણ ટર્નિંગ પોઇન્ટ પર કસોટી સમાન બન્યુ છે. એકબાજુ પુરપાટ દોડતા વાહનો વચ્ચે આ ટર્નિંગ પોઇન્ટ પર વાહનચાલકો ગોથે ચઢે છે. જેના લીધે ગમે ત્યારે જાનલેવા અકસ્માત સર્જાય તેવી દહેશત પણ પ્રબળ બની છે. હાઇવે પરથી નગરના ગ માર્ગ તરફ વળતા વાહનોની સંખ્યા પણ વિશેષ જોવા મળે છે. જયારે આ સ્થિતિ વચ્ચે આ ઠેકાણે અટપટા કર્વ આપવામાં આવ્યા છે. જેથી વાહનચાલકો માટે રોડ ક્રોસ કરવાનુ કપરુ બન્યુ છે. જેમાં સુધાર લાવવા પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે.

ઓગષ્ટ-સપ્ટેમ્બરમાં મતદારયાદી સુધારણાની ખાસ ઝુંબેશ યોજાશે

મતદાર વેરીફીકેશનની કામગીરી દરમ્યાન ૪૧૨૮ નવા મતદારો નોંધાયા, ૧૮ થી ૨૯ વર્ષના ૩૧૦૯ મતદારો નોંધાયા : કલોલમાં નવા મતદારો વધુ

ગાંધીનગર, તા. ૨૦

આગામી ૧૨મી ઓગષ્ટથી કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા સંક્ષિપ્ત મતદારયાદી સુધારણા કાર્યક્રમ હાથ ધરવામાં આવશે. ત્રીસ દિવસ સુધી આ ઝુંબેશ ચાલશે.

રાજયમાં આવી રહેલી વિધાનસભાની સામાન્ય ચૂંટણી પૂર્વે આ મહત્વની મતદારયાદી સુધારણા ઝુંબેશ હશે. હાલ પંચ દ્વારા મતદારયાદી અંગેના વેરીફીકેશનની કામગીરી ચાલી રહી છે. મતદારયાદી સુધારણા જે ૧૨-૯-૨૨ સુધી ચાલશે. આ સુધારણા ઝુંબેશ અંતર્ગત ૨૧ ઓગષ્ટ, ૨૮ ઓગષ્ટ, ૪ સપ્ટેમ્બર અને ૧૧ સપ્ટેમ્બરના રોજ ખાસ ઝુંબેશ યોજાશે જેમાં ફોર્મ નં. ૬, ૭, ૮ બુથલેવલ ઓફિસરને જે તે બુથ પર રજુ કરવાના રહેશે.

જિલ્લામાં હાલ ચાલી રહેલ મતદાર વેરીફીકેશનની કામગીરી દરમ્યાન પણ નવા મતદારોના ફોર્મ ભરાવવામાં આવી રહ્યા છે. મતદારયાદી આખરી કરવા માટે પંચે હવે ૪ અલગ અલગ મહિના નક્કી કર્યા છે ત્યાં સુધીમાં ૧૮ વર્ષ પૂર્ણ કરનાર યુવાન મતદારો તરીકે નામ નોંધાવી શકાશે.

જિલ્લામાં હાલ ચાલી રહેલ મતદાર વેરીફીકેશનની કામગીરી દરમ્યાન ૪૧૨૮ નવા મતદારો મળ્યા છે. જેમાં ૧૮ થી ૨૯ વર્ષની વયજૂથના ૩૧૦૯ અને ૨૯ વર્ષથી વધુ વયના ૧૦૧૯ ફોર્મ મળ્યા છે.

જિલ્લામાં સૌથી વધુ નવા મતદારો આ વખતે કલોલ વિધાનસભામાંથી મળ્યા છે. જેની સંખ્યા ૧૦૦૮ જેટલી છે. દહેગામમાંથી ૬૧૮, ગાંધીનગર(દ)માંથી ૯૯૫, ગાંધીનગર(ઉ)માંથી ૫૪૬, માણસામાંથી ૯૬૧ અરજીઓ મળી છે.

૧૮ થી ૨૯ વર્ષની વયજૂથના નવા મતદારોની સૌથી વધુ અરજી માણસા બેઠક પર મળી છે જે ૭૮૭ છે જયારે કલોલમાં આ અરજી ૭૪૭ છે. દહેગામમાં ૫૩૬, ગાંધીનગર(દ)માં ૬૦૯, ગાંધીનગર(ઉ)માં ૪૦૯ અરજીઓ મળી છે.

ગાંધીનગરના ૨૦ યુવાનો યુવા વિધાનસભામાં ધારાસભ્ય બનશે

ત્રણ યુવાનો અન્ય ફરજો બજાવશે : એક યુવાન સાર્જન્ટની ભૂમિકામાં રહેશે

ગાંધીનગર, તા. ૨૦

ગુજરાત વિધાનસભા ખાતે યોજાનાર યુવા વિધાનસભામાં ગાંધીનગરના ૨૦ યુવાઓ ધારાસભ્ય તરીકે ફરજો અદા કરશે.

ગાંધીનગરનો ગૌત્તમ દવે વિપક્ષના નેતા તરીકે તો મેઘાવી દવે ટ્રેઝરી બેંચ પર મંત્રી તરીકેની ભૂમિકા ભજવશે. ગાંધીનગરના ત્રણ યુવાનોમાં એક યુવાન વિધાનસભાના સાર્જન્ટની ભૂમિકામાં રહેશે તો બે યુવાનો ચોપદાર તરીકેની ફરજો અદા કરશે.

યુવા વિધાનસભા એ આજે ગાંધીનગરનું આકર્ષણ કેન્દ્ર બનેલ છે. આ યુવાઓને આજે આખો દિવસ વધુ એકવાર તાલિમ આપવા સાથે ગૃહની બેઠક વ્યવસ્થા સમજાવવામાં આવી હતી.

આ યુવા વિધાનસભામાં ૪૦ ટકાથી પણ વધુ યુવા મહિલાઓ ધારાસભ્ય તરીકે ફરજો બજાવનાર છે. આ યુવા ધારાસભ્યો દ્વારા પ્રશ્નોત્તરી સહિત વિવિધ કામગીરી કરનાર છે.

ગુજરાત વિધાનસભા અધ્યક્ષ ડૉ. નીમાબેન આચાર્યના અધ્યક્ષસ્થાને આવતીકાલ તા. ૨૧ જુલાઈ, ૨૦૨૨ને ગુરૂવારના રોજ સવારે ૯ કલાકે, વિધાનસભા ગૃહ, ગાંધીનગર ખાતે 'ગણેશ વાસુદેવ માવળંકર સંસદીય અભ્યાસ અને તાલીમ બ્યુરો' તથા 'ધી સ્કુલ પોસ્ટ'ના સંયુક્ત ઉપક્રમે 'યુવા મોડેલ એસેમ્બલી'નું આયોજન કરવામાં આવ્યું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વરદ હસ્તે આ કાર્યક્રમનું ઉદઘાટન કરવામાં આવશે.

ગુજરાત વિધાનસભા ખાતે યોજાનારા આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ જેઠાભાઈ ભરવાડ, સંસદીય બાબતોના મંત્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદી, વિરોધપક્ષના નેતા સુખરામભાઈ રાઠવા, રાજ્યકક્ષાના ગૃહમંત્રી હર્ષ સંઘવી અને સરકારના મુખ્યદંડક પંકજભાઈ દેસાઈ છે. આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા માટે ગુજરાત વિધાનસભાના તમામ મંત્રીઓ સહિતના તમામ સભ્યો અને લોકસભા-રાજયસભાના ગુજરાતના સંસદ સભ્યોને આમંત્રણ અપાયું છે.

નામ	પોસ્ટ
શ્લોક ભટ્ટ	ધારાસભ્ય
વિપુલ ચૌધરી	ધારાસભ્ય
દિવ્યરાજસિંહ સોલંકી	ધારાસભ્ય
યોગીરાજસિંહ સોલંકી	ધારાસભ્ય
અમી સોની	ધારાસભ્ય
નેવીલ ભટ્ટ	ધારાસભ્ય
યોગાન્જલી મહેતા	ધારાસભ્ય
ધન્ય મહેતા	ધારાસભ્ય
પ્રીતી કાંન્વર	ધારાસભ્ય
દીપાન્સુ મકવાણા	ધારાસભ્ય
દીપા સોલંકી	ધારાસભ્ય
ખીલન પ્રજાપતિ	ધારાસભ્ય
મૌલિક ભોરણીયા	ધારાસભ્ય
પ્રિયા અડાલજા	ધારાસભ્ય
કૃપા પંડ્યા	ધારાસભ્ય
યશવંતકુમાર મકવાણા	ધારાસભ્ય
મૌન પટેલ	ધારાસભ્ય
ગૌત્તમ દવે	વિરોધ પક્ષ લીડર
મેઘાવી દવે	કુટિર ઉદ્યોગ
માનસી વાઘેલા	ધારાસભ્ય
તીર્થ રાઠોડ	ચોપદાર
યોગી પટેલ	ચોપદાર
અર્પીત શર્મા	સાર્જન્ટ

શહેરમાં ચોમાસામાં પાણીનો વપરાશ ૨૦ ટકા ઘટયો

વરસાદી દિવસોમાં પાણીનો બગાડ ઘટવાની સાથે વપરાશનુ પ્રમાણ પણ ઘટયુ

ગાંધીનગર તા ૨૦

ગાંધીનગરમાં ઉનાળાની આકરી ગરમીના દિવસો દરમિયાન પાણીનો વપરાશ વધી જાય છે. જેના લીધે તંત્ર કક્ષાએથી પણ પાણીની પોકારને ડામવા માટે પ્રતિદિન ૬૫ એમ એલ ડી જેટલો સપ્લાય આપવામાં આવે છે જો કે શહેરમાં પાણીનો માથાદીઠ વપરાશ પણ સમગ્ર દેશમાં સૌથી વધુ હોવાનુ તારણ સામે આવ્યુ છે ત્યારે હાલ વરસાદી દિવસોમાં ગરમીના દિવસોની સાપેક્ષમાં પાણીનો બગાડ ઘટવાની સાથે વપરાશ પણ ૨૦ ટકા જેટલો ઘટી ગયો છે.

ગાંધીનગરમાં દેશમાં સૌથી વધુ પાણીનો માથાદીઠ વપરાશ હોવાનુ ધ્યાને આવ્યુ છે. અલબત્ત સપ્લાય પણ વધુ આપવામાં આવે છે. જો કે આ સ્થિતિ વચ્ચે પણ સેકટરોમાં ગરમીના દિવસોમાં વારંવાર પાણીની પોકાર ઉઠવા પામે છે. શહેરમાં પુરતા દબાણથી સપ્લાય આપવા અલબત્ત સ્માર્ટ સીટીના પ્રોજેકટ અન્વયે ૨૪ કલાક પાણી પુરુ પાડવા માટે પણ લાઇન નાંખવાનુ કામ હાથ ધરાયુ છે. ગરમીના દિવસોમાં શહેરમાં પાણનો વપરાશ વધી જાય છે. ગરમીના લીધે સેકટરોમાં પાણીનો ઉપયોગ વધતા તંત્ર દ્વારા પણ સપ્લાય વધારી દેવામાં આવે છે. જેમાં પાણીના બોર પણ વધુ કલાક સુધી કાર્યરત રાખવામાં આવે છે. જયારે અન્ય આડા દિવસોની સાપેક્ષમાં ગરમીના દિવસોમાં ઉનાળા દરમિયાન શહેરમાં અંદાજિત ૨૦ટકા સપ્લાય વધારી દેવામાં આવ્યો હતો. જયારે ગરમીનો પારો નીચે ઉતરતા પાણીનો વપરાશ પણ ઘટે છે. અને વરસાદી દિવસોમાં પાણીનો ઉપયોગ નોંધપાત્ર ઘટી જાય છે. જયારે હાલ વરસાદી દિવસોમાં પણ ઉનાળાની સાપેક્ષમાં અંદાજિત ૨૦ટકા વપરાશ ઘટી ગયો હોવાનુ અનુમાન છે. આ અન્વયે પાટનગર યોજના વિભાગના સુત્રોમાંથી પ્રાપ્ત

● અનુસંધાન પાન-૭ પર

આજે શંકરસિંહ વાઘેલાનો જન્મ દિવસ

ગાંધીનગર, તા. ૨૦

રાજયના પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાનો આજે જન્મ દિવસ છે. અત્યંત સાદગીથી તેમણે જન્મ દિવસ ઉજવવાનો નિર્ણય કરેલ છે.

તેઓ આજે વાસણ સ્થિત વૈજનાથ મંદિર ખાતે પૂજન-અર્ચન કરવા જશે. આ પછી બપોરે ૨ થી ૪ દરમ્યાન વસંત-વિહાર ખાતે શુભેચ્છકો તેમજ સ્નેહીજનો અને રાજકીય કાર્યકરોને મળશે.

છેલ્લા કેટલાક દિવસોથી ગાંધીનગરમાં વરસાદ પડી રહ્યો છે તેના કારણે શહેરમાં ઠેર ઠેર પાણીના ખાબોચિયા ભરાઈ ગયા છે. જેમાં મચ્છરોનો ઉપદ્રવ વધ્યો છે. સેક્ટર-૫ માં મચ્છરોનો ઉપદ્રવ વધતા રહીશોએ દવાનો છંટકાવ કરવા મેલેરીયા વિભાગને અપીલ કરી છે.

કોરોના વકર્યો : શહેરમાં ૨૭ અને ગ્રામ્યમાં ૩૧ કેસ નોંધાયા

શહેરમાં આજે કુડાસણ, સરગાસણમાંથી ૩-૩ કેસ તેમજ પેથાપુર, સે. ૪, ૮, ૫ અને ૩૦, ૧૭, ૧, કોટેશ્વર, રાયસણમાંથી કેસો મળેલ છે : જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે દહેગામમાં ૫, ગાંધીનગરમાં ૬, કલોલમાં ૧૯ અને માણસામાં ૧ કેસ નોંધાયો

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોના જે રીતે વિસ્તરી રહ્યો છે તેને લઈ તંત્ર પણ હવે હચમચી જવા પામ્યુ છે. ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નવા ૩૧ કેસ તેમજ ગાંધીનગર શહેરમાં નવા ૨૭ કેસ નોંધાયા છે.

શહેર-જિલ્લામાં આજે નોંધાયેલ ૫૮ કેસને પગલે તંત્રમાં દોડધામ વધી જવા પામી છે. શહેર-જિલ્લામાં હવે પરિવારો સંક્રમિત થઈ રહ્યા હોવાથી પણ તંત્રની ચિંતા વધી છે. શહેર-જિલ્લામાં મોટાભાગના દર્દીઓ લોકલ ટ્રાન્સમિશનથી સંક્રમિત થઈ રહ્યા છે.

ગાંધીનગર શહેર-જિલ્લામાં મહિલાઓ તેમજ મોટીવયના દર્દીઓ સંક્રમિત થઈ રહ્યા હોવાથી પણ તંત્રની ચિંતા વધી છે. શહેર-જિલ્લામાં રિકવરી રેટ સારો હોવાનો દાવો તંત્રના સૂત્રો કરી રહ્યા છે. ગાંધીનગર શહેરમાં આજે ૨૪ દર્દીઓ અને ગ્રામ્ય વિસ્તારમાં ૨૩ દર્દીઓ રિકવર થતાં કુલ ૪૭ દર્દીઓને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૩૧ કેસ નોંધાયા છે. આજે નોંધાયેલા દર્દીઓમાં ૧૨ મહિલા દર્દી, પાંચ ૬૦થી વધુ વયના દર્દી નોંધાયા છે. આજે નોંધાયેલા કેસોમાં બે કર્મયોગી, ૩ ખેડૂત, બે વિદ્યાર્થીનો સમાવેશ થાય છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે દહેગામમાં પાંચ, ગાંધીનગરમાં ૬, કલોલમાં ૧૯ અને માણસામાં એક કેસ નોંધાયો છે.

દહેગામ તાલુકામાં રખિયાલમાં બે કેસ તેમજ નવાનગર, કલ્યાણજીના મુવાડા અને ખાખરા ગામેથી કેસો મળેલ છે. અંતરિયાળ અને નાના ગામડાઓમાંથી કેસો મળતાં તંત્રની ચિંતા વધી છે.

ગાંધીનગરમાં દંતાલી, ડભોડા, દશેલા, સાદરા, છાલા, મગોડીમાંથી કેસો મળી આવેલ છે. આ લ્હેરમાં પૂર્વ પટ્ટીમાંથી જે રીતે કેસો મળી રહ્યા છે તે ચિંતાજનક હોવાનું તંત્ર માની રહ્યુ છે.

કલોલ તાલુકામાં કલોલ શહેરમાંથી ૬ કેસ મળ્યા છે જેમાં ૪ કલોલ અર્બન-૧માંથી અને ૨ કેસ કલોલ અર્બન-૨ વિસ્તારમાંથી મળ્યા છે. તાલુકાના નારદીપુર ગામેથી આજે એક જ દિવસમાં ૬ કેસ નોંધાતા તંત્ર પણ ચોક્યું છે. આ ઉપરાંત બોરીસણા, ખાત્રજ, ગોલથરા, પાનસર, ધમાસણા ગામેથી કેસો મળ્યા છે. ડિંગુચા ગામેથી વધુ બે કેસ મળતાં તંત્રએ સઘન સર્વેલન્સ માટેની સૂચનાઓ આપી છે.

● અનુસંધાન પાન-૭ પર

SHARE INDIA SECURITIES LIMITED

Share India — We generate, we multiply

CIN: L67120GJ1994PLC115132

Registered Office : Unit No. 604A-B, 605A-B, 6th Floor, Tower-A, World Trade Centre, Gift City, Block-51, Zone-5, Road 5E, Gift City, Gandhinagar, Gujarat-382355. Tel.: 0120-4910000; Website: www.shareindia.com; Email: vikas_cs@shareindia.com

EXTRACT OF UNAUDITED CONSOLIDATED FINANCIAL RESULTS FOR THE QUARTER ENDED JUNE 30, 2022

(Amount in ₹ Lakhs except EPS)

S. No.	Particulars	Quarter Ended 30.06.2022	Quarter Ended 31.03.2022	Quarter Ended 30.06.2021	Year Ended 31.03.2022
		Unaudited	Audited	Unaudited	Audited
1	Total income from operations	23,324.29	29,482.48	15,463.38	87,101.41
2	Net Profit / (Loss) for the period (before tax, Exceptional and/or Extraordinary items)	7,797.16	10,054.40	4,499.37	26,544.98
3	Net Profit / (Loss) for the period before tax (after Exceptional and/or Extraordinary items)	7,797.16	10,054.40	4,499.37	26,544.98
4	Net Profit / (Loss) for the period after tax (after Exceptional and/or Extraordinary items)	5,917.71	7,602.36	3,418.20	20,183.79
5	Total Comprehensive Income for the period [Comprising Profit / (Loss) for the period (after tax) and other Comprehensive Income (after tax)	5,948.91	7,557.14	3,381.50	20,009.15
6	Paid up Equity Share Capital (Face Value Rs 10/-)	3,190.66	3,190.66	3,190.66	3,190.66
7	Other Equity	-	-	-	41,474.13
8	Earning Per Share (of Rs 10/- each) (for continuing and discontinued operations) (Basic)				
	EPS Before Exceptional Items	18.47	23.83	10.71	65.45
	EPS after Exceptional items	18.47	23.83	10.71	63.26
9	Earning Per Share (of Rs 10/- each) (for continuing and discontinued operations) (Diluted)				
	EPS Before Exceptional Items	18.40	23.83	10.71	65.45
	EPS after Exceptional items	18.40	23.83	10.71	63.26

Notes : 1) The above is an extract of the detailed format of result for quarter ended on June 30, 2022 filed with stock exchange under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the said results are available on the website of BSE at **www.bseindia.com** and NSE at **www.nseindia.com** as well as on the Company's website at **www.shareindia.com**

2) The key information of Standalone Financial Results for quarter ended on June 30, 2022 are as follows :

(Amount in ₹ Lakhs)

Particulars	Quarter Ended 30.06.2022	Quarter Ended 31.03.2022	Quarter Ended 30.06.2021	Year Ended 31.03.2022
Turnover	19,131.28	23,254.58	11,751.98	67,354.45
Profit Before Tax	5,612.12	7,468.53	3,205.70	20,222.17
Profit after tax	4,237.58	5,668.95	2,414.62	15,659.75

By order of the Board
For Share India Securities Limited
(Sd/-)
Sachin Gupta
CEO & Whole-Time Director
DIN: 00006070

Place : Noida
Date : 19.07.2022

આરટીઓ કચેરી પાસે ગ-માર્ગ પર વચાળે જ વાહનોનો ખડકલો

દબાણો પણ વધ્યા : આર ટી ઓ કચેરી પાસે જ ટ્રાફિક નિયમનના નામે મીંડુ : સ્થાનિકો પણ પરેશાન

ગાંધીનગર તા ૨૦

ગાંધીનગરના ગ માર્ગ પર સ્થિત આર ટી ઓ કચેરી દબાણ અને પાર્કીંગની પેચીદી સમસ્યાની ગિરફતમાં છે. આર ટી ઓ કચેરી બહાર રોજબરોજ આડેધડ વાહનોનો ખડકલો થાય છે ગ માર્ગ પર વચાળે જ વાહનો ખડકી દેવાતા માર્ગ સલામતી જોખમાઇ છે. જયારે આડેધડ પાર્ક થતા વાહનો સાથે આ વિસ્તારમાં દબાણો પણ વધી ગયા હોવાથી ગ માર્ગના પ્રવેશદ્વાર નજીક જ આર ટી ઓ કચેરીના આંગણે જ ટ્રાફિક નિયમનના નામે મીંડુ ચિતરાયેલુ જોવા મળે છે. જયારે આ સ્થિતિ વચ્ચે નવા સેકટરના રહીશો પણ તોબા પોકારી ગયા છે.

ગાંધીનગરના ગ માર્ર પર સ્થિત આર ટી ઓ કચેરી પાસે વાહનોનો આડેધડ ખડકલો થતા માર્ગ સલામતીના નામે મીંડુ ચિતરાયુ છે. ટ્રાફિકના નિયમનના

● અનુસંધાન પાન-૭ પર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar — experience bathing
DR. FIXIT
Birla White — THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 — ટી.એમ.ટી. સળીયા

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી** : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com